

**Long-Term Care Home Update** | *Community Newsletter* | Lakeridge Health

**ઑક્ટોબર 2021**



## ઘરનાં નવા વહીવટકર્તા તરફથી એક પત્ર

Durham ક્ષેત્રનાં સમુદાયને,

મારું નામ Jennifer Bishop છે અને Ajax Pickering Hospital સ્થિત વર્તમાનમાં બાંધકામ અન્વયે લાંબાગાળાની સંભાળનાં ઘરનાં નવા વહીવટકર્તા તરીકે મારી જાતને ઓળખાવવાથી અત્યંત ગૌરવવંત હોવાની લાગણી અનુભવું છું. મારી ભૂમિકાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ આપણા સમુદાય સાથે જોડાવાનો છે અને હું 2022માં ઘરનું ઉદ્‌ઘાટન થાય તે પહેલાં ઔપચારિક રીતે મારો પરિચય આપવાની આ તક ઝડપી લેવા માંગુ છું.

હું Ottawaમાં મોટી થઈ અને શાળાએ ગઈ; તેમ છતાં, હું પાછલાં 22 વર્ષથી Durham ક્ષેત્રને મારું ઘર ગણું છું. મેં આ ક્ષેત્ર માટે પણ બે દશકાથી વધુ કામ કર્યું છે, જેમાં Whitbyમાં Fairview Lodge Long-Term Care Home સ્થિત 13 વર્ષ કાર્ય કરવાનો સમાવેશ થાય છે. તમારામાંથી કેટલાકને 2014માં Fairview Lodgeમાં લાગેલી આગ યાદ હશે. એક બાજુથી જ્યારે અનેક લોકો માટે તે પડકારાત્મક બની હતી, ત્યારે બીજી તરફ તે અંત્યંત ઉદાસીનતા અથવા સહાનુભૂતિ જગાડનારી બની હતી કારણ કે આપણા સમુદાયે એકજૂથ બનીને નિવાસીઓ અને કર્મચારી-વર્ગની સહાયતા કરી હતી. Fairview Lodgeમાં મારા કાર્યકાળ દરમિયાન, મેં ઘરનાં પુનઃનિર્માણ અને પુનઃવિકાસ બાબત પણ સહયોગ સાધ્યો હતો, જે Lakeridge Healthનાં સંદર્ભમાં મારા તાજેતરનાં કાર્ય તરીકે એક મહત્ત્વપૂર્ણ ભાગ બની રહ્યો છે.

હું હવે છેલ્લા થોડા વખતથી Lakeridge Health સમુદાયનો ભાગ બની રહી હોવાથી મારી જાતને ભાગ્યશાળી માનું છું. ઑગસ્ટ 2020થી, મને Lakeridge Healthની નિર્માણ ટુકડીને સલાહ અને માર્ગદર્શન પૂરું પાડવાની તક સાંપડેલી છે, જેમાં Ajax Pickering Hospitalની બાજુમાં નવા ઘરની ડિઝાઈનને દીર્ઘકાલીન દૃશ્ય પ્રદાન કરવાનો સમાવેશ થાય છે.

તાજેતરમાં, હું ઘરનાં આંતરિક ભાગની મુલાકાત લઈ શકી હતી, અને મેં જે અદ્‌ભુતપણે ચાલી રહેલી પ્રગતિ જોઈ તેનાથી હું અત્યંત પ્રભાવિત બની ગઈ હતી. આટલા બધા લોકો સાથે મળીને ઘરને પૂર્ણ કરવા બાબત જે ઝડપી પ્રગતિ કરી રહ્યા છે અને એનાં માટે જે પ્રમાણમાં પરિશ્રમ અને સમર્પણ કરી રહ્યા છે એ આપણાં સહુ માટે ગૌરવવંતી બાબત છે.

જ્યારે ઘર સર્વ માટે ઉપલબ્ધ બનાવવામાં આવશે, ત્યારે, એ બાબતની ખાતરી બક્ષવા માટે કે સમગ્ર ઘરનું સંચાલન સુવ્યવસ્થિત અને સક્ષમપણે હાથ ધરવામાં આવે, મારું કાર્ય એક મજબૂત નેતૃત્વ પૂરું પાડવાનું રહેશે. આમાં ભવિષ્યની અમારી ટુકડીને વિવધ ભૂમિકાઓમાં સહાયકારક અને સશક્ત બનાવવાનો, પરિવારો સાથે સંપર્ક જાળવી રાખવાનો, નિવાસીઓને વ્યક્તિલક્ષી સંભાળ પૂરી પાડવા માટે કર્મચારીવર્ગને સક્ષમ અને સહાયક બનાવવાનો, તમામ કાયદાકીય આવશ્યકતાઓની દેખરેખ રાખવાનો, અને સૌથી વધુ અગત્યની વાત, એ બાબતની ખાતરી રાખવાનો છે કે સંભાળ લેવા બાબત ઉચ્ચતમ ગુણવત્તા પ્રદાન કરવામાં આવે.

મારો ધ્યેય હંમેશાં Durham ક્ષેત્રનાં વરિષ્ઠ લોકો અને વૃધાવસ્થાની નજીક પહોંચતા લોકોને એક સલામત, સહાનુભૂતિદર્શક વ્યક્તિલક્ષી સંભાળ પૂરી પાડવા બાબતનો રહ્યો છે. બે બાળકોની તેમજ બે સાવકાં બાળકોની માતા તરીકે, પરિવાર પણ મારા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એટલા માટે, હું સતત એવી સંસ્કૃતિ ઊભી કરવા ધ્યેય સેવું છું જે એક સ્વાસ્થ્યપ્રદ કાર્યસ્થળને પ્રોત્સાહિત કરી શકે તેમજ નિવાસીઓ, કર્મચારીવર્ગ અને તેમનાં પ્રિયજનો માટે એક પારિવારિક વાતાવરણનું નિર્માણ કરી શકે. હું એક Administrator તરીકે Ajaxમાં નવા લાંબાગાળાની સંભાળનાં ઘર બાબત મારી તીવ્ર પ્રેમાળભરી અભિરુચિને અભિલાષા, નિષ્ણાત જાણકારી તેમજ અનુભવ પ્રદાન કરવા બાબત તીવ્રપણે ઉત્સાહી અને ઉત્સુક છું.

છેવટે, હું સમુદાયનો આભાર માનવા ઈચ્છું છું કારણ કે ઘરનો વિકાસ ત્યારે જ શક્ય બની શક્યો છે કે જ્યારે તમારા સૌનાં અનુમોદન અને વ્યવસ્થાપૂર્ણ આયોજને અત્યંત ઉત્સાહવર્ધક અને અસાધારણ ભૂમિકા ભજવી છે. મને વિશ્વાસ છે કે નવું લાંબાગાળાની સંભાળનું ઘર આપણાં અદ્‌ભુત સમુદાયને પ્રશંસાપાત્ર અથવા વિશેષ ધ્યાન ખેંચવાપાત્ર બનાવશે. હું અત્યંત જલદીથી આપને ઘરમાં મળવાને સ્વાગત કરવા આતુર છું.

જ્યારે અમે નવા ઘરને કાર્યકારી રીતે અમલમાં મૂકવાનું આયોજન કરી રહ્યાં છીએ ત્યારે હું આગામી મહિનાઓમાં તમારા સંપર્કમાં રહીશ. એ દરમિયાનમાં, જો તમારે મારા વિશે અથવા ઘર વિશે કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને AjaxLTC@lh.ca પર મને ઈમેઈલ કરી શકો છો.

સ્નેહાધીન,
Jennifer Bishop

## આ મહિનાની નિર્માણકામની પ્રગતિ

Ajax Pickering hospitalની બાજુમાં નવા લાંબાગાળાની સંભાળનાં ઘરનું બાંધકામની પ્રગતિ સમયસર સફળતાપૂર્વક પૂર્ણ થવા તરફ ધપી રહી છે તેમજ ઘરનો આંતરિક ભાગ, આપણી અપેક્ષિત માર્ચ 2022નાં અનાવરણને અનુલક્ષીને, તેની પ્રવૃત્તિના સ્તરમાં તીવ્રપણે વૃદ્ધિ કરતો જાય છે.

પ્રથમ અને દ્વિતીય માળે આંતરિક સિમેન્ટથી સીંચારવાનું કાર્ય પૂર્ણ કરવાનું કામ ચાલી રહ્યું છે, તેમજ સમર્પિત નિર્માણકામની વિશિષ્ટ તાલીમ પામેલ ટુકડી ઈંટોનાં સાંધામાં સિમેન્ટ પૂરવી, રંગકામ, વાર્નિશિંગ, રંગ ધોવાનું અને ડિસ્ટેમ્પરિંગ કરવાના કાર્યો પર કામ કરી રહી છે. જેમ-જેમ બાંધકામની ટુકડી સમગ્ર ઈમારતમાં ઈંટોનાં સાંધામાં સિમેન્ટ પૂરવી, રંગકામ, વાર્નિશિંગ, રંગ ધોવાનું અને ડિસ્ટેમ્પરિંગ કરવા જેવા કાર્યો પર આગળ ધપતી જાય છે તેમ-તેમ તેમની આ પ્રક્રિયા આગામી બેએક મહિનાઓ સુધી ચાલુ રહેશે. આ મહિને સ્થાપત્ય અને બાંધકામની ટુકડીઓએ અજમાયશ અને ભૂલ અજમાવવા માટે નિવાસી ઓરડાના નિર્માણકામને પણ પૂર્ણ કર્યું હતું. ઓરડાનો ઉપયોગ - જે રાચરચીલું, બાથરૂમ અને વીજ એકમની ગોઠવણીઓની સાથે તેમજ નવા પેઈન્ટ અને વાર્નિશના થરથી સાફ કરીને તૈયાર કરવામાં આવશે - ઘરમાં રહેલા અન્ય ઓરડાઓ માટે એક નમૂનારૂપ તરીકે ઉપયોગમાં લેવામાં આવશે.

જ્યારે મોટાભાગની પ્રગતિ ઘરના અંદરનાં ભાગમાં કરવામાં આવી છે, ત્યારે તમે એ બાબત ધ્યાનમાં લીધી હશે કે ઘરનાં બાહ્ય ભાગમાં તાજેતરમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. બાહ્ય વીજળીના પ્રવાહવાહકનું આચ્છાદન અને તેને જકડીને બાંધવાથી આપેલો આધાર તીવ્ર ગતિથી બહારના ભાગમાં ઉપલા માળેથી નીચેનાં દ્વિતીય માળ પર તરફ નમે તે રીતે મકાનની છત ઊભી કરીને ઢાંકવામાં આવેલો છે. આવનારા સપ્તાહોમાં, નિર્માણકામ માટે ઊભી કરેલી એલિવેટર પદ્ધતિને પણ તોડી પાડવામાં આવશે, તેમજ 24 નિવાસી બાલ્કનીને પૂર્ણ કરવામાં આવશે. માર્ગનું માળખું, જે Lakeridge Healthના પ્રવર્તમાન માર્ગો વડે ઘર સાથે જોડાશે, પણ પગથીને સડકની બાજુથી જડેલી ઊભી તકતીઓને બેસાડવાના અને પાકી પગની સપાટી પર પૂર્ણ ડામરના થરને ઓપવા સાથે પૂર્ણતાને આરે આવીને ઊભું છે.

નવા પાર્કિંગ ગરાજ માટેના કૉન્કરિટનો પાયો નાખવાનો પ્રથમ ભાગ પણ આ મહિને સીંચારવામાં આવ્યો હતો. એક વાર પૂર્ણ થશે, એટલે નવા પાર્કિંગનું માળખું લાંબાગાળાની સંભાળનાં ઘર તેમજ હૉસ્પિટલની ટુકડીનાં સભ્યો, નિવાસીઓ, મુલાકાતીઓ તેમજ પરિવારના સભ્યો માટે પાર્કિંગની 500+ જગ્યાઓ ઉત્પન્ન કરશે.

### શું તમે જાણતા હતા કે

ઑક્ટોબર દરમિયાન, કોઈ એક દિવસ માટે, 100થી વધુ આંતરિક દીવાલો અને છતોને વૉલબોર્ડ લગાડવા માટે પેટા-વેપાર ઠેકેદારોનાં મહિલાઓ અને પુરુષોને સ્થળ પર કામ કરવા માટે રોકવામાં આવ્યા હતા?

## નવેમ્બર દરમિયાન શું અપેક્ષા સેવી શકાય છે

આવનારા અઠવાડિયાઓમાં, અમે બન્ને, ઘરની અંદર અને બહાર, વધુ ફેરફારો માટેની અપેક્ષા સેવી રહ્યાં છીએ.

દ્વિતીય માળ, જેમાં 64 નિવાસી ઓરડાઓના ભાગરૂપે માનસિક રોગોના દર્દીઓ માટેની હૉસ્પિટલનો સમાવેશ થાય છે તે પૂર્ણ કરવામાં આવશે. નિવાસીઓના સહિયારા ઉપયોગ માટેની જગ્યા અને મજબૂત માળખાંકીય ક્ષેત્રો પૂર્ણતાના અંતિમ તબક્કાને આરે છે તેમજ મોટાભાગના ઉપલા માળોને સારી રીતે વિકસિત કરવામાં આવશે. બહારના ભાગેથી, દીવાલની માળખાકીય સ્થાપના લગભગ પૂર્ણ થઈ જશે તેમજ લૅન્ડસ્કેપિંગને ઓપ આપવાનું કાર્ય શરૂ થશે.



*ઈમારતની ઉત્તર બાજુ બહારનાં ભાગમાં નવા ઘરને રંગવાનું જે કામ ચાલી રહ્યું છે તેનાં પર એક નજર (11મી ઑક્ટોબર, 2021)*

## સંપર્કમાં રહો

જો તમારે કોઈ પ્રશ્નો હોય અથવા તો ઘર વિશે વધુ માહિતી મેળવવા ઈચ્છતા હો, તો કૃપા કરીને **905-576-8711 એક્સ્ટેન્શન 34167** પર કૉલ કરો અથવા **AjaxLTC@lh.ca** પર ઈમેઈલ કરો. છેલ્લામાં છેલ્લી માહિતીથી અવગત રહેવા માટે તમે અમારી વેબસાઈટ **www.lh.ca**ની પણ મુલાકાત લઈ શકો છો !